સ્પોર્ટ્સ લાઈન
૧૧
સોમવાર ૧૮ મે, ૨૦૨૬






IPL 2026 આજની મેચ CSK Vs SRH સમય: સાંજે 7:30 વાગ્યે સ્થળ: ચેન્નાઈ

| | ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|---|
| Q | RCB | 13 | 9 | 4 | 0 | 16 | 1.065 |
| | GT | 13 | 8 | 5 | 0 | 16 | 0.400 |
| | SRH | 12 | 7 | 5 | 0 | 14 | 0.331 |
| | PBKS | 13 | 6 | 6 | 1 | 13 | 0.227 |
| | RR | 11 | 6 | 5 | 0 | 12 | 0.082 |
| | CSK | 12 | 6 | 6 | 0 | 12 | 0.027 |
| | KKR | 12 | 5 | 6 | 1 | 11 | -0.038 |
| | DC | 12 | 5 | 7 | 0 | 10 | -0.993 |
| | MI | 12 | 4 | 8 | 0 | 8 | -0.504 |
| | LSG | 12 | 4 | 8 | 0 | 8 | -0.701 |

# પંજાબને હરાવી પ્લેઓફમાં પહોંચનારી RCB પ્રથમ ટીમ

**RCBએ** આપેલા 223 રનના લક્ષ્યાંક સામે પંજાબની ટીમ 199 રન જ બનાવી શકી

**વેંકટેશ** અય્યર અને કોહલીએ અર્ધસદી ફટકારી



ધર્મશાલા, તા. 17 (પીટીઆઈ): ધર્મશાલામાં રવિવારે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) પંજાબ કિંગ્સ (PBKS)ને 23 રનથી હરાવીને IPL 2026ના પ્લેઓફમાં સ્થાન પાક્કું કરનારી પ્રથમ ટીમ બની છે.

પંજાબ કિંગ્સની આ સતત છઠ્ઠી હાર છે. પ્રથમ બેટિંગ કરતા RCBએ વેંકટેશ અય્યરના માત્ર 40 બોલમાં અજેય 73 રન, વિરાટ કોહલીના 58 રન અને દેવદત્ત પડિક્કલના 45 રનની મદદથી 4 વિકેટે 222 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ટિમ ડેવિડે પણ 12 બોલમાં 28 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. પંજાબ તરફથી યુઝવેન્દ્ર ચહલે 1 વિકેટ લીધી હતી.

જવાબમાં, 223 રનના મોટા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી પંજાબ કિંગ્સની ટીમ 20 ઓવરમાં 8 વિકેટે 199 રન જ બનાવી શકી હતી. પંજાબ માટે શશાંક સિંહે 27 બોલમાં 56 રનની અને માર્કસ સ્ટોઈનિસે 37 રનની લડાયક ઈનિંગ રમીને જીતની આશા જગાવી હતી, પરંતુ RCBના શાનદાર બોલિંગ આક્રમણ સામે તેઓ ટૂંકા પડ્યા હતા. ભુવનેશ્વર કુમારે શરૂઆતમાં જ પ્રિયાંશ આર્યની વિકેટ લઈને પંજાબને બેકફૂટ પર ધકેલી દીધું હતું, જ્યારે જોશ હેઝલવુડે સ્ટોઈનિસને આઉટ કરીને મેચ પર પકડ મજબૂત કરી હતી.

| રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| બેથેલ બો હરપ્રીત | 11 | 7 | 12 | 0 |
| કોહલી કો આર્ય બો ચહલ | 58 | 37 | 4 | 3 |
| પડિક્કલ કો અય્યર બો હરપ્રીત | 45 | 25 | 4 | 3 |
| વી. અય્યર નોટ આઉટ | 73 | 40 | 8 | 4 |
| ડેવડ કો હરપ્રીત બો અર્શદીપ | 28 | 12 | 2 | 2 |
| વધારાના | 7 | | | |

કુલ 20 ઓવરમાં 4 વિકેટે 222 રન
વિકેટ પતન: 1-21, 2-97, 3-157, 4-222

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 4 | 0 | 43 | 1 |
| અઝમુતલ્લા ઓમરઝાઈ | 4 | 0 | 38 | 0 |
| હરપ્રીત બરાર | 4 | 0 | 35 | 2 |
| લોકી ફર્ગ્યુસન | 3 | 0 | 43 | 0 |
| યુઝવેન્દ્ર ચહલ | 3 | 0 | 42 | 1 |
| શશાંક સિંહ | 2 | 0 | 20 | 0 |

| પંજાબ કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| પ્રિશાંચ કો શેફર્ડ બો ભુવનેશ્વર | 0 | 3 | 0 | 0 |
| પ્રભસિમરન કો પડીકલ બો ભુવનેશ્વર | 2 | 5 | 0 | 0 |
| કૂપર કો બેથેલ બો શેફર્ડ | 37 | 22 | 3 | 3 |
| શ્રેયસ કો શરમા બો રસિખ | 1 | 3 | 0 | 0 |
| સૂર્યાંશ કો કોહલી બો સુયશ | 35 | 22 | 2 | 2 |
| સ્ટોઈનીસ એલબી બો હેઝલવુડ | 37 | 25 | 5 | 0 |
| શશાંક કો કોહલી બો રસિખ | 56 | 27 | 4 | 4 |
| અઝમતુલ્લાહ ઓમરઝઈ | 14 | 10 | 1 | 1 |
| હરપ્રીત બરાર નોટ આઉટ | 5 | 3 | 1 | 0 |
| વધારાના | 12 | | | |

કુલ 20 ઓવરમાં 8 વિકેટે 199 રન
વિકેટ પતન: 1-1, 2-18, 3-19, 4-62, 5-93, 6-160, 7-194, 8-199

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ભુવનેશ્વર કુમાર | 4 | 0 | 38 | 2 |
| જોશ હેઝલવુડ | 4 | 0 | 36 | 1 |
| રસિખ સલમ | 4 | 0 | 36 | 3 |
| સુયશ શર્મા | 4 | 0 | 50 | 1 |
| રોમારિયો શેફર્ડ | 1 | 0 | 8 | 1 |
| કૃણાલ પંડ્યા | 3 | 0 | 27 | 0 |

# દિલ્હીએ રાજસ્થાનને 193 રન પર અટકાવ્યું

**મિશેલ** સ્ટાર્કે 4 વિકેટ ઝડપી રાજસ્થાનને મોટો સ્કોર કરતા અટકાવ્યું



નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ): આઈપીએલની પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે દિલ્હી કેપિટલ્સ સામે રવિવારે રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે 8 વિકેટે 193 રન બનાવ્યા હતા.

એક સમયે રાજસ્થાનની ટીમ 14 ઓવરમાં 2 વિકેટે 160 રન બનાવીને 220 થી વધુના સ્કોર તરફ આગળ વધી રહી હતી. જોકે, મિશેલ સ્ટાર્કની 40 રન આપીને 4 વિકેટની શાનદાર બોલિંગને કારણે દિલ્હીની મેચે વાપસી કરાવી હતી. રાજસ્થાનની ટીમે અંતિમ ઓવરોમાં માત્ર 33 રન જોડીને 6 વિકેટ ગુમાવી દીધી હતી.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સની શરૂઆત સારી રહી નહોતી અને યશસ્વી જયસ્વાલ 12 રન બનાવી લુંગી એન્ગીડીનો શિકાર બન્યો હતો. ત્યારબાદ વૈભવ સૂર્યવંશી અને ધ્રુવ જુરેલે શાનદાર બેટિંગ કરીને પાવરપ્લેમાં ટીમનો સ્કોર 75 રન સુધી પહોંચાડ્યો હતો. વૈભવ સૂર્યવંશીએ 46 રનની આક્રમક ઈનિંગ રમી હતી, જ્યારે ધ્રુવ જુરેલે 53 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. બંને વચ્ચે બીજી વિકેટ માટે 70 રનની ભાગીદારી થઈ હતી. કેપ્ટન રિયાન પરાગે પણ દિલ્હીના બોલરો પર પ્રહારો કરતા ઝડપી 51 રન બનાવ્યા હતા.

જ્યારે રાજસ્થાન મોટા સ્કોર તરફ વધી રહ્યું હતું ત્યારે મિશેલ સ્ટાર્કે રિયાન પરાગને આઉટ કરીને દિલ્હીને મોટી સફળતા અપાવી હતી. સ્ટાર્કે તરત જ ડોનોવન ફરેરાને શૂન્ય રને અને રવિ સિંહને પણ આઉટ કરીને રાજસ્થાનને મુશ્કેલીમાં મૂકી દીધું હતું. માધવ તિવારીએ શુભમને 5 રને આઉટ કરીને દિલ્હી પર દબાણ વધાર્યું હતું. અંતે સ્ટાર્કે દાસુન શનાકાને 10 રને આઉટ કરીને આ સીઝનનું પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

| રાજસ્થાન રોયલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જાયસ્વાલ કો સ્ટાર્ક બો એનગીડી | 12 | 9 | 3 | 0 |
| સૂર્યવંશી કો મિલર બો તિવારી | 46 | 21 | 5 | 3 |
| ઝુરેલ એલબી બો એનગીડી | 53 | 40 | 5 | 2 |
| પરાગ કો અક્ષર બો સ્ટાર્ક | 51 | 26 | 3 | 5 |
| ફેરારીયા કો અક્ષર બો સ્ટાર્ક | 0 | 1 | 0 | 0 |
| રવિ એલબી બો સ્ટાર્ક | 4 | 2 | 1 | 0 |
| દુબે કો વિજય બો તિવારી | 5 | 9 | 0 | 0 |
| શનાકા કો સ્ટબ્બસ બો સ્ટાર્ક | 10 | 8 | 0 | 1 |
| જોફ્રા આર્ચર અણનમ | 2 | 2 | 0 | 0 |
| એડમ મિલને અણનમ | 2 | 2 | 0 | 0 |
| વધારાના | 8 | | | |

કુલ 20 ઓવરમાં 8 વિકેટે 193 રન
વિકેટ પતન: 1-19, 2-89, 3-161, 4-161, 5-165, 6-173, 7-187, 8-191

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મિચેલ સ્ટાર્ક | 4 | 0 | 40 | 4 |
| લુંગી એનગીડી | 4 | 0 | 24 | 2 |
| ત્રિપુરાના વિજય | 2 | 0 | 29 | 0 |
| મુકેશ કુમાર | 2 | 0 | 40 | 0 |
| માધવ તિવારી | 4 | 0 | 27 | 2 |
| અક્ષર પટેલ | 4 | 0 | 31 | 0 |

# ચેન્નાઈ અને હૈદરાબાદ વચ્ચે આજે ખરાખરીનો જંગ

**હૈદરાબાદને** પ્લેઓફમાં સ્થાન પાક્કું કરવા પોતાની બંને મેચ જીતવી જરૂરી

**ચેન્નાઈને** હવે એક પણ મેચ હારશે તો પ્લેઓફની રેસમાંથી બહાર થશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



ચેન્નાઈ, તા. 17 (પીટીઆઈ): આઈપીએલ 2026માં પ્લેઓફની રેસ રોમાંચક તબક્કે પહોંચી ગઈ છે, જ્યાં સોમવારે ચેન્નાઈમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને પાંચ વખતની ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મહત્વનો મુકાબલો રમાશે.

હાલમાં પોઈન્ટ ટેબલમાં 12 મેચમાં 14 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહેલી હૈદરાબાદની ટીમે પ્લેઓફમાં સ્થાન પાક્કું કરવા માટે તેની બાકીની બંને ગ્રુપ મેચો જીતવી જરૂરી છે. જો પેટ કમિન્સની ટીમ એક મેચ હારી જાય, તો તેણે પંજાબ કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સની હાર પર નિર્ભર રહેવું પડશે. હૈદરાબાદનું તાજેતરનું ફોર્મ ચિંતાજનક રહ્યું છે, જ્યાં તેઓ છેલ્લી 3 મેચમાંથી 2 મેચ હારી ચૂક્યા છે. ગુજરાત ટાઈટન્સ સામેની છેલ્લી મેચમાં તેઓ માત્ર 86 રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. બીજી બાજુ, ઋતુરાજ ગાયકવાડની આગેવાની હેઠળની ચેન્નાઈ સુપર કિંગ્સ માટે પણ પ્લેઓફનો રસ્તો આસાન નથી. લખનૌ સુપર જાયન્ટ્સ સામેની છેલ્લી હાર બાદ ચેન્નઈ 12 મેચમાં 12 પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને સરકી ગયું છે. ચેન્નાઈને પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે તેની બાકીની બંને મેચો જીતીને 16 પોઈન્ટ સુધી પહોંચવું પડશે. આ સીઝનમાં ચેન્નઈના ઘણા મુખ્ય ખેલાડીઓ ઈજાગ્રસ્ત થયા છે, છતાં મેકનીલ નોરોન્હા, કુલદીપ યાદવ, કાર્તિક શર્મા અને ઉર્વિલ પટેલ જેવા નવા ખેલાડીઓ સાથે ટીમ જોરદાર લડત આપી રહી છે. જોકે, છેલ્લી મેચમાં નબળા પ્રદર્શન બાદ ચેન્નઈ માટે બોલિંગ વિભાગ હજી પણ ચિંતાનો વિષય બનેલો છે.

# પાકિસ્તાન સામેની ટેસ્ટમાં બાંગ્લાદેશ મજબૂત સ્થિતિમાં

**પાકિસ્તાનને** પ્રથમ ઈનિંગમાં 232 રન પર ઓલઆઉટ કર્યું

**બાંગ્લાદેશે** બીજી ઈનિંગમાં 110 રન બનાવી કુલ 156 રનની સરસાઈ મેળવી



સિલહટ (બાંગ્લાદેશ), તા. 17 (એપી): સિલહટમાં રમાઈ રહેલી પાકિસ્તાન સામેની બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે રવિવારે બાંગ્લાદેશે પોતાની પકડ મજબૂત કરી લીધી છે.

ઓપનર મહમુદુલ હસનની 52 રનની અર્ધસદીની મદદથી બાંગ્લાદેશે બીજા દિવસની રમત પૂરી થઈ ત્યાં સુધીમાં બીજી ઈનિંગ્સમાં 3 વિકેટે 110 રન બનાવી લીધા છે, જેનાથી તેમની કુલ લીડ 156 રન પર પહોંચી ગઈ છે. દિવસના અંતે કેપ્ટન નજમુલ હુસૈન શાંતો 13 રને ક્રીઝ પર હાજર છે.

આ અગાઉ, પાકિસ્તાનની પહેલી ઈનિંગ્સ બીજા દિવસે 232 રનમાં સમેટાઈ ગઈ હતી, જેના કારણે બાંગ્લાદેશને પહેલી ઈનિંગ્સના આધારે 46 રનની મહત્વપૂર્ણ લીડ મળી હતી. બાંગ્લાદેશ તરફથી ફાસ્ટ બોલર નાહિદ રાણાએ 3 વિકેટ અને ડાબોડી સ્પિનર તૈજુલ ઈસ્લામે 3 વિકેટ ઝડપીને પાકિસ્તાનની બેટિંગ લાઈન-અપને રોકી રાખી હતી. તસ્કીન અહેમદ અને મેહદી હસને 2-2 વિકેટ લીધી હતી. પાકિસ્તાન તરફથી ઈજા બાદ વાપસી કરી રહેલા સ્ટાર બેટ્સમેન બાબર આઝમે સૌથી વધુ 68 રન બનાવ્યા હતા, પરંતુ નાહિદ રાણાના શાનદાર બોલ પર તે આઉટ થયો હતો. સાજિદ ખાને 38 રનની આક્રમક ઈનિંગ રમીને પાકિસ્તાનને 200 રનની પાર પહોંચાડ્યું હતું. બાંગ્લાદેશની બીજી ઈનિંગ્સમાં મોહમ્મદ અબ્બાસ અને ખુર્રમ શહઝાદે વિકેટો ઝડપીને પાકિસ્તાનને થોડી રાહત અપાવી હતી.

# થાઈલેન્ડ ઓપનમાં સાત્વિક-ચિરાગ રનર્સ અપ રહ્યા

**ઈન્ડોનેશિયાની** જોડી સામે ભારતીય જોડીએ જોરદાર લડત આપી અને 4 ચેમ્પિયનશીપ પોઈન્ટ બચાવ્યા હતા




બેંગકોક, તા. 17 (પીટીઆઈ): બેંગકોકમાં રમાયેલી થાઈલેન્ડ ઓપન સુપર-500 બેડમિન્ટન ટુર્નામેન્ટની મેન્સ ડબલ્સની રોમાંચક ફાઈનલમાં ભારતની સ્ટાર જોડી સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીને હારનો સામનો કરવો પડ્યો છે.

રવિવારે રમાયેલી આ મેચમાં ઈન્ડોનેશિયાના લિયો રોલી કાર્નાન્ડો અને ડેનિયલ માર્થિન સામે ભારતીય જોડીએ 4 ચેમ્પિયનશિપ પોઈન્ટ બચાવીને જોરદાર લડત આપી હતી, પરંતુ આખરે 53 મિનિટ ચાલેલી મેચમાં તેઓ 12-21, 23-25થી હારીને રનર્સ-અપ રહ્યા હતા. વર્ષ 2019 અને 2024માં આ ટાઈટલ જીતનારી વિશ્વની ચોથી ક્રમાંકિત ભારતીય જોડીની આ સીઝનની આ પ્રથમ ફાઈનલ હતી.

પ્રથમ ગેમમાં ભારતીય ખેલાડીઓ લય ગુમાવતા જોવા મળ્યા હતા અને ઈન્ડોનેશિયાના ખેલાડીઓની આક્રમક રમત સામે બેકફૂટ પર આવી ગયા હતા. જોકે, બીજી ગેમમાં સાત્વિક અને ચિરાગે અદ્ભુત માનસિક મનોબળ બતાવતા શાનદાર વાપસી કરી હતી. સ્કોર 20-20થી લઈને 23-23 સુધી પહોંચી ગયો હતો, જ્યાં ભારતીય જોડીએ સતત 4 વાર મેચ પોઈન્ટ બચાવ્યા હતા, પરંતુ અંતે ઈન્ડોનેશિયાની જોડીએ બાજી મારી લીધી હતી. સાત્વિકના ખભાની ઈજા બાદ વાપસી કરી રહેલી આ જોડી માટે આ પરિણામ ઘણું સકારાત્મક છે. ચિરાગે જણાવ્યું કે, થોમસ કપમાં બ્રોન્ઝ જીત્યા બાદ તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે અને તેઓ આગામી સમયમાં વધુ સારું પ્રદર્શન કરશે.

## સુડોકુ - 'કૃતિ' પરમાર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૭ | | ૯ | ૬ | ૮ | ૪ | ૫ |
| | ૫ | | ૭ | ૮ | ૧ | ૨ | | ૩ |
| ૯ | | | ૩ | ૪ | | | | ૭ |
| ૮ | | | | | ૭ | | ૨ | |
| ૧ | | ૩ | ૬ | ૨ | | | | |
| | | ૨ | | | ૪ | ૧ | ૬ | |
| ૬ | ૩ | ૫ | | | | ૪ | ૭ | ૨ |
| ૨ | ૯ | ૧ | ૪ | ૭ | ૩ | | | |
| ૭ | | ૪ | | | ૯ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### વ્રણ, ઘારું

ના રુઝાતા વ્રણ ઉપર અશ્વગંધા ચૂર્ણ લગાડવું. પંચગુણ તેલ કપડાં પર લઈ તે પર અશ્વગંધા ચૂર્ણ મૂકી વ્રણ ઉપર મૂકવું, રોજ સવાર સાંજ બદલી કાઢવું.

## શબ્દગુંફન - ૭૨૨૩

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. શરદ પૂનમનો ઉત્સવ (૫)
૫. લોકસંખ્યા (૨)
૬. અફસોસ (૫)
૭. સાચા મનનું (૪)
૯. ઝાડ (૨)
૧૦. વજન, દબાણ (૨)
૧૨. દેવ (૨)
૧૩. લાગણી (૨)
૧૪. ખૂબ હોવું તે (૪)
૧૬. એક રાશિ (૨)
૧૮. ભીનાપણું, ભેજ (૩)
૨૦. દેવા પેટે આડમાં મૂકેલું (૩)
૨૨. આકાશ (૨)
૨૬. રાણીની દાસી (૪)
૨૭. પતિ (૨)
૨૯. ઘંટનો અવાજ (૪)
૩૧. બાર મહિનાનો સમય(૩)
૩૨. ઘણું વહાલું (૩)

**ઊભીચાવી**
૧. મીણબત્તી, દીવો (૨)
૨. શત્રુ (૩)
૩. મદદ, સહાય (૩)
૪. પવિત્ર, શુદ્ધ (૩)
૫. બદલો, વટાવ (૪)
૭. વીરતા (૫)
૮. સંસાર (૨)
૧૧. પારકા પૈસા (૪)
૧૨. ગાય (૩)
૧૫. ખોદવાનું ઓજાર (૨)
૧૭. નાનો તવો (૨)
૧૯. હુકમની અવગણના (૫)
૨૧. કિંમતી પથ્થર (૨)
૨૩. રહેઠાણ (૩)
૨૪. રમતમાં આવતો વારો (૨)
૨૫. દિવસ(૨)
૨૮. અવાજ (૨)
૨૯. મીટ, અનિમેષ નજર (૨)
૩૦. ઠીંગણું ઘોડું (૨)

## આજનું પંચાંગ

**તા.18/05/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ **તિથિ:** સુદ: બીજ : 17:55
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 28
**યોગ :** સુકર્મા **કરણ:** બાવલ
**નક્ષત્ર :** રોહિણી : 11:33
**રાશિ:** વૃષભ(બ.વ.ઉ.)22:07 પછી મિથુન(ક.છ.ઘ.)
**દિવસ :** શુભ ઘનિષ્ઠા નવક સમાપ્તિ
**સુરતમાં સૂર્યોદય :** 06:01
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:09
**નવકારસી :** 06:49
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 07મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 30મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે :07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** આવક વધશે. વેપાર-ધંધામાં અનુકૂળતા રહે. કોઇની વાતોમાં આર્થિક વ્યવહાર કરવો નહીં

**વૃષભ (બ,વ,ઉ,):** અચાનક અટકેલાં કામ પાર પડશે. રંગીન અને રોમેન્ટીક મુલાકાત થાય. પરિવારના કામની ચિંતા સતાવે.

**મિથુન (ક,છ,ઘ,):** સ્વાર્થી લોકોથી સાવધાન. પ્રવસામાં સામાન સાચવવો. કોર્ટ-કચેરીમાં મદદ મળે. ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** રચનાત્મક અને ટેકનોલોજીને લગતાં કામ પાર પડશે. મિત્રોનો સાથ મળે. પ્રેમમાં અનુકૂળતા રહે.

**સિંહ (મ,ટ,):** નોકરીમાં પ્રમોશન મળે. મોજ-શોખ ગારમેન્ટસ, બ્યુટીપાર્લર જેવા વેપાર ધંધામાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** સમાજ અને પરિવારને લગતી સમસ્યાનું સમાધાન થાય. ધાર્મિક પ્રવાસથી શાંતિ મળે.

**તુલા (ર,ત,):** ખર્ચા વધશે. અણગમતા સમાચાર મળે. રોજના કામમાં વિઘ્નો આવે. પડવા-વાગવાથી સાવધાન.

**વૃશ્ચિક (ન,ય,):** ઉત્સાહજનક સમાચાર મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. ઘરમાં અશાંતિ અને અવરજવર વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નોકરીમાં પ્રમોશન થઇ શકે છે. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. નોકર-ચાકરથી સાવધાન.

**મકર (ખ,જ,):** વેપાર-ધંધા અને પ્રવાસ શિક્ષણ તેમજ શેરબજારને લગતાં કામમાં અચાનક તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વેપારના નવા સોદા પાર પડે. નવી પ્રોપર્ટીની ખરીદી થઇ શકે છે. આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉચ્ચ પદપ્રાપ્તી થાય. નોકરીમાં પ્રભાવ વધે. ધંધામાં આવક વધે નવી યોજના બને.

## કોઈ પણ સાલમાં 18 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. ચડતી-પડતીની સાથે નવી તમે મળે. આવક વધારવાની યોજના સફળ રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં યશ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. ટેકનોલોજી લાભ મળે. નોકરી-ધંધામાં હરીફો વધશે. પરિવારની અપેક્ષા વધે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. વારસા, જાયદાદ જમીન જેવા કામ ધીમા પડે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મ થાય. વડીલો મિત્રોની મદદ સામાજિક અને કાયદા બાબત મળતી રહેશે. માર્ચ-એપ્રિલ, ઓક્ટોબર-નવેમ્બર, મંગળ-ગુરુવાર, 09,18, 27 તારીખે નવા કામ કરવા. લાલ રંગનો ઉપયોગ કરતા રહેવું. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ શનિવાર, 8,17, 26 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરતાં રહેવું.

# ઈટાલિયન ઓપન: કોકો ગફને હરાવી સ્વિટોલિના ત્રીજી વખત ચેમ્પિયન



**સ્વિટોલિનાએ** આશરે ત્રણ કલાક ચાલેલી મેચમાં ગફને 6-4, 6-7 (3), 6-2થી હરાવી

રોમ, તા. 17 (એપી): રોમમાં શનિવારે રમાયેલી ઈટાલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટની રોમાંચક મહિલા સિંગલ્સ ફાઈનલમાં યુક્રેનની એલિના સ્વિટોલિનાએ અમેરિકાની કોકો ગફને હરાવીને ત્રીજી વખત આ પ્રતિષ્ઠિત ખિતાબ પોતાના નામે કર્યો છે. સ્વિટોલિનાએ આશરે ત્રણ કલાક ચાલેલા કપરા મુકાબલામાં વિશ્વની ત્રીજી ક્રમાંકિત કોકો ગફને 6-4, 6-7 (3), 6-2થી પરાજય આપ્યો હતો. વર્ષ 2017 અને 2018માં અહીં વિજેતા બનેલી સ્વિટોલિનાની આ કારકિર્દીની 20મી ડબલ્યુટીએ (WTA) ટાઈટલ જીત છે, જે તેના માટે ભાવુક ક્ષણ હતી. બીજી તરફ, અમેરિકન સ્ટાર કોકો ગૉફ સતત બીજા વર્ષે રોમમાં ફાઈનલ હારી છે.

મેચની શરૂઆતમાં કોકો ગફે જોરદાર પ્રદર્શન કરીને સરસાઈ મેળવી હતી અને તેની પાસે 5-2થી આગળ નીકળવાની તક હતી, પરંતુ સાતમી ક્રમાંકિત સ્વિટોલિનાએ સતત ચાર ગેમ જીતીને પહેલો સેટ પોતાના નામે કર્યો હતો. બીજા સેટમાં ગફે ટાઈબ્રેકરમાં વાપસી કરી મેચને બરાબરી પર લાવી દીધી હતી. જોકે, નિર્ણાયક ત્રીજા સેટમાં સ્વિટોલિનાએ સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું અને ગફની સર્વિસ બે વાર બ્રેક કરીને નેટ પર શાનદાર વોલી સાથે ત્રીજા મેચ પોઈન્ટ પર જીત મેળવી હતી.

# પ્રીમિયર લીગ: માન્ચેસ્ટર યુનાઇટેડે નોટિંગહામ ફોરેસ્ટને હરાવ્યું

**યુનાઈટેડના** મેથ્યુસ કુન્હાના ગોલ પર વિવાદ થયો



લંડન, તા. 17 (એપી): લંડનમાં રવિવારે રમાયેલી પ્રીમિયર લીગ ફૂટબોલની એક રોમાંચક અને વિવાદાસ્પદ મેચમાં માન્ચેસ્ટર યુનાઇટેડે નોટિંગહામ ફોરેસ્ટને 3-2થી હરાવ્યું છે.

આ જીત સાથે માન્ચેસ્ટર યુનાઇટેડે પોઈન્ટ ટેબલમાં ત્રીજું સ્થાન પાક્કું કરી લીધું છે. મેચ દરમિયાન યુનાઇટેડના સ્ટાર મિડફિલ્ડર બ્રુનો ફર્નાન્ડીઝે આ સીઝનનો પોતાનો 20મો આસિસ્ટ (ગોલ કરવામાં મદદ) કર્યો હતો. આ સાથે જ તેણે પ્રીમિયર લીગની એક સીઝનમાં સૌથી વધુ આસિસ્ટ કરવાના થિયરી હેનરી (2002-03) અને કેવિન ડી બ્રુઆનાના (2019-20) રેકોર્ડની બરાબરી કરી લીધી છે.

મેચમાં લ્યુક શોએ 5મી મિનિટે ગોલ કરીને યુનાઇટેડને 1-0 થી લીડ અપાવી હતી, પરંતુ મોરાટોએ 53 મી મિનિટે ગોલ કરીને ફોરેસ્ટને 1-1 ની બરાબરી પર લાવી દીધું હતું. ત્યારબાદ 55મી મિનિટે મેથ્યુસ કુન્હાએ વિવાદાસ્પદ ગોલ કરીને યુનાઇટેડને ફરી આગળ કર્યું હતું. આ ગોલ વખતે વીએઆર (વિડીયો આસિસ્ટન્ટ રેફરી)એ હેન્ડબોલની આશંકા વ્યક્ત કરી હતી, પરંતુ ઓન-ફિલ્ડ રેફરીએ તેને અકસ્માત ગણાવી ગોલ બહાલ રાખ્યો હતો. ત્યારબાદ 76 મી મિનિટે બ્રાયન મ્બ્યુમોએ ફર્નાન્ડીઝના પાસ પર યુનાઇટેડ માટે ત્રીજો ગોલ કર્યો હતો, જ્યારે ફોરેસ્ટ તરફથી ગિબ્સ-વ્હાઇટે છેલ્લે એક ગોલ પરત કર્યો હતો.